# સંજીવની દિનચર્યા – Sanjeev’s Daily Routine

## Group Activity - Sequencing

- Divide the class into two or three groups.
- Give each team a prepared list of sentences from different categories on a card/paper or write them on board.
- Ask each group to arrange the sentences in proper sequence as quickly as possible.
- Fastest group wins.
- Ask each pupil in the group in to copy the sequenced sentences, read what he/she has written and translate into English.

# લેખન અને વાંચન - Reading & Writing

## સંજીવની દિનચર્યા

હું રોજ સવારે છ વાગ્યે ઊઠું છું. બ્રશ કરી, નાહીને હું તૈયાર થાઉં છું. ત્યાર પછી સાત વાગ્યે હું નાસ્તો કરું છું. નાસ્તામાં બા ગરમ પરોઠાં અને દૂધ આપે છે.

આઠ વાગ્યે હું નિશાળે જાઉં છું. નિશાળે મારા ભાઈ સાથે બસમાં જાઉં છું. નિશાળ નવ વાગ્યે શરૂ થાય છે. દસ વાગ્યે હું સરલાબહેના વર્ગમાં જાઉં છું. બપોરે બાર વાગ્યે મારા મિત્રો સાથે નાસ્તો કરું છું.

ત્રણ વાગ્યે હું નિશાળેથી ઘેર જાઉં છું. ઘેર પહોંચી હું થોડો આરામ કરું છું. ચાર વાગ્યે હું નિશાળનું ઘરકામ કામ કરું છું.

પછી છ વાગ્યા સુધી હું ટેલિવિઝન જોઉં છું. સાંજે સાત વાગ્યે હું મારાં કુટુંબ સાથે જમું છું. રાતે દસ વાગ્યે હું ચોપડી વાંચી સૂઈ જાઉં છું.